ગાંધીનગર સમાચાર

ગાંધીનગરમાં સિંગાપુરની મરીના રિસોર્ટસ પેટર્ન પર ક્રુઝ ટેરેસનો કન્સેપ્ટ



(તસવીર : હિરેન ભટ્ટ)

ઈશ્વરનું ચિત્ર - સમી સાંજે કામમાંથી અવકાશ કાઢીને આકાશ સામે જોયું તો પ્રભુનું પેઈન્ટીંગ...! નભના કેનવાસ પર એની કૃપાના રંગ જોઈને દંગ થઈ જવાયું....

# જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે ગીતાબેન પટેલની વરણી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે શ્રીમતિ ગીતાબેન પ્રણવકુમાર પટેલ આજે સર્વાનુમતે ચૂંટાયેલા જાહેર કરાયા છે અને તેમણે તેમના નવા હોદ્દાનો ચાર્જ પણ સંભાળી લીધો છે.

આજે જિલ્લા પંચાયત ખાતે મળેલ શિક્ષણ સમિતિની બેઠકમાં સભ્યોએ પ્રથમ સભાના કાર્યકારી અધ્યક્ષની નિયુક્તી હાથ ધરી હતી.

શ્રીમતિ સોનલબેન જીતેન્દ્રકુમાર પટેલની કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્તીની દરખાસ્ત ભાવિનસિંહ ઠાકોરે કરી હતી અને બેચરજી ઠાકોરે તેનુ સમર્થન કરતાં સોનલબેન પટેલની અધ્યક્ષતામાં આ બેઠકની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બેઠકના કાર્યકારી અધ્યક્ષ સોનલબેન પટેલે કોંગ્રેસના મેન્ડેટનું વાંચન કરી અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવા સચિવને જણાવ્યું હતું.

શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે શ્રીમતિ ગીતાબેન પટેલના નામની દરખાસ્ત શ્રી નાથાજી મકવાણાએ કરી હતી જેને શ્રીમતિ શારદાબેન મકવાણાએ સમર્થન કર્યું હતું. અન્ય કોઈ દરખાસ્ત ન હોવાથી શ્રીમતિ ગીતાબેન પટેલની નિયુક્તી અંગેની જાહેરાત કાર્યકારી અધ્યક્ષે કરી અને તેમને હોદ્દો સંભાળી લેવા જણાવ્યું હતું.

શ્રીમતિ ગીતાબેન પટેલે આજે જ પોતાનો હોદ્દો સંભાળી લીધો હતો. હોદ્દો સંભાળતા પૂર્વે તેમણે પૂજા-પાઠ અને આરતી કરી હતી. તેમણે હોદ્દો સંભાળતા પૂર્વે ધારાસભ્ય શ્રી સુરેશ પટેલ, પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર, ઉપ પ્રમુખ શ્રી ભરત પટેલ, કારોબારી ચેરમેન શ્રી અરવિંદ સોલંકી, આરોગ્ય સમિતિ અને બાંધકામ સમિતિના ચેરમેન તેમજ સભ્યો શ્રી ભાવિનસિંહ ઠાકોર, બેચરજી ઠાકોર, દિનુભાઈ ઠાકોર, ઈન્દુબેન રાવલ, યાકુબભાઈ મન્સુરી સહિત સૌએ અભિનંદન આપી અને મોં મીઠુ કરાવ્યું હતું.

# મનપાના જંગમાં ૫૧ ઉમેદવારી પત્રો અમાન્ય

## એન.સી.પી., લોક વિકાસ મંચના એક-એક ઉમેદવારનું ઉમેદવારી પત્ર પણ અમાન્ય રહ્યુ : ૧૨૦ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી દરમ્યાન ૫૧ ફોર્મ રદ થયા હતા. જેમાં લોકવિકાસ મંચ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના એક-એક ઉમેદવારનો પણ સમાવેશ થાય છે.

ચૂંટણી અધિકારીઓની કચેરીમાં આજે સવારે ૧૧ વાગ્યાથી ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસ-ભાજપના પ્રતિનિધિઓ થોડા મોડા પડ્યા હોવાથી ચકાસણીનો પ્રારંભ થવા પામ્યો હતો પરંતુ આ પછી પ્રક્રિયામાં ગતિ આવી હતી. બપોરે ૧ વાગ્યા સુધીમાં ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ જવા પામી હતી.

ચકાસણી દરમ્યાન સૌથી વધુ ફોર્મ વોર્ડ નં. પાંચમાંથી રદ થયા હતા. જ્યાં રદ થયેલા ઉમેદવારીપત્રોની સંખ્યા ૧૧ છે. વોર્ડ નં. ૧ અને ૩માં સાત-સાત ઉમેદવારી પત્રો રદ થયા હતા. વોર્ડ નં. ૨ અને ૮માં છ-છ ઉમેદવારીપત્રો રદ થયા હતા.

વોર્ડ નં. ૪ અને ૬માં પાંચ-પાંચ ઉમેદવારીપત્રો રદ થવા પામ્યા હતા. જ્યારે વોર્ડ નં. ૭માં ૪ ઉમેદવારી પત્રો રદ થયા છે.

ડમી ઉમેદવારી પત્રો ઉપરાંત અધુરી વિગતો સાથે ભરાયેલા ઉમેદવારીપત્રો રદ જાહેર કરાયા હતા.

ગાંધીનગર મહાનગર પાલિકાની ૩૨ બેઠક માટે ૧૭૧ ઉમેદવારી પત્રો ભરાયા હતા જે પૈકી ૫૧ ઉમેદવારીપત્રો રદ થતાં હવે મેદાનમાં ૧૨૦ ઉમેદવારો રહ્યા છે.

ચકાસણીને અંતે વોર્ડ નં. ૭માં સૌથી વધુ ઉમેદવારો ૨૧ મેદાનમાં રહ્યા છે જ્યારે વોર્ડ નં. ૬માં સૌથી ઓછા ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જ્યાં ઉમેદવારોની સંખ્યા ૧૨ છે.

વોર્ડ નં. ૬માં ભાજપ, કોંગ્રેસ અને લોક વિકાસ મંચની પેનલો સામ-

● અનુસંધાન પાન-૭ પર

### વોર્ડ નં. ૭-૮માં બહુકોણીય જંગને લઈ બે-બે ઈવીએમ વપરાશે

ગાંધીનગર, તા. ૧૧

આજે ઉમેદવારી પત્રની ચકાસણી પછી જે ચિત્ર ચૂંટણીનું ઉપસી આવ્યુ છે તે જોતાં વોર્ડ નં. ૭ અને ૮માં બે-બે ઈ.વી.એમ.નો ઉપયોગ તંત્રને કરવો પડશે.

ઈ.વી.એમ.માં ૧૫ ઉમેદવારોના નામ સમાઈ શકે છે અને છેલ્લુ બટન નોટાનું હોય છે. આ બન્ને વોર્ડમાં ચકાસણીને અંતે વોર્ડ નં. ૭માં ૨૧ અને વોર્ડ નં. ૮માં ૧૯ ઉમેદવારો મેદાનમાં છે.

વોર્ડ નં. ૭માં લોક વિકાસ મંચ, કોંગ્રેસ, બસપા અને ભાજપના ૪-૪-૪ ઉમેદવારો ઉપરાંત રાષ્ટ્રવાદી કોંગ્રેસના ૩ અને ૨ અપક્ષ ઉમેદવારો મળી કુલ ૨૧ ઉમેદવારો મેદાનમાં છે. આમ આ વોર્ડમાં બહુકોણીય જંગ થશે. વોર્ડ નં. ૮માં ભાજપ-કોંગ્રેસના ૪-૪ ઉપરાંત લોક વિકાસમંચના ૩, એન.સી.પી.ના ૩, અપક્ષ ૩ અને ૨ બસપાના ઉમેદવારો મેદાનમાં છે.

### ચકાસણીને અંતે કયા પક્ષના કેટલા ઉમેદવારો

ગાંધીનગર, તા. ૧૧

આજે ઉમેદવારોની ચકાસણીને અંતે મનપાના ચૂંટણી જંગમાં ૧૨૦ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

| | |
|---|---|
| કોંગ્રેસ | ૩૨ |
| ભાજપ | ૩૨ |
| લોકવિકાસ મંચ | ૨૪ |
| રા.કો.પા. | ૧૦ |
| બસપા | ૦૮ |
| અપક્ષ | ૧૪ |

### પાટીદાર આંદોલન મુદ્દે સમિતિ દ્વારા મુખ્યમંત્રીને અહેવાલ સુપરત

અમદાવાદ, તા.૧૧

પાટીદારોના જેલભરો આંદોલનને લઈને સરકાર ચિંતાતુર બનેલી છે. આનંદીબેન પટેલ સરકાર આ આંદોલન ન થાય તે માટે સતત પ્રયાસ કરી રહી છે. પાટીદારો સાથે વાતચીત પણ કરી રહી છે. આ સંદર્ભમાં મંત્રીઓની સમિતિએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને અહેવાલ સોંપી દીધો છે. મંત્રીઓની સમિતિઓ અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વચ્ચે હાર્દિક અને એસપીજીની માંગણીઓ ઉપરાંત રિપોર્ટ પર આજે ચર્ચા કરવામાં આવી હતી. પાટીદાર અનામત આંદોલન અંગે બનેલી મંત્રીઓની સમિતિ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના નિવાસ્થાને પહોંચી રિપોર્ટ સુપરત કર્યો હતો.

# લોક વિકાસ મંચના ૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પાછા ખેંચ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં આજે લોક વિકાસ મંચના ૩ ઉમેદવારોએ ઉમેદવારી પત્ર પાછા ખેંચી લેતાં પાટનગરમાં સમગ્ર બાબત ચર્ચાનો મુદ્દો બની છે.

આજે ૩ ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા તેમાં બે મહિલા ઉમેદવારો છે. વોર્ડ નં. ૩ માંથી શ્રી જયંતિભાઈ કાશીરામ પટેલે તેમનું ઉમેદવારી પત્ર પાછુ ખેંચ્યુ છે.

જ્યારે વોર્ડ નં. ૮માંથી ગાયત્રીબેન રાવલ અને વોર્ડ નં. ૭માંથી ચેતનાબેન રાવલે તેમના ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની અરજી ચૂંટણી અધિકારીને આપી હતી.

લોક વિકાસ મંચના એક ઉમેદવારનું ફોર્મ ચકાસણી દરમ્યાન રદ થયું હતું. જ્યારે ૩ ઉમેદવારોએ ઉમેદવારી પાછી ખેંચી છે. લોક વિકાસ મંચે ૨૫ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

હવે લોક વિકાસ મંચના ૨૧ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. ચૂંટણીમાં ઉમેદવારી પત્રો મંગળવારે બપોરે ૩ વાગ્યા સુધી પાછા ખેંચવાનો સમય છે.

ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ ઉમેદવારોને તેમના ક્રમ અને અપક્ષોને ચિન્હની ફાળવણી કરવામાં આવશે. આ પછી ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થઈ જતાં જ પ્રચાર કાર્યમાં વેગ આવશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

મસાલાની મોસમ - આજકાલ શહેરમાં મસાલાની મોસમ પૂરબહાર ખીલી છે... ગૃહિણીઓ આખા વર્ષનો અંદાજ નિયત કરી મરચું, હળદર, ધાણાજીરૂનો સ્ટોક ભરી લે છે... મસાલાના વેચાણ કેન્દ્રો પણ વધતા જાય છે... શુદ્ધ મસાલાના આગ્રહી ગૃહિણીઓ અનેક સ્થાનો પર ચકાસણી કર્યા બાદ વર્ષનો સ્ટોક ભરે છે...

# ભાજપ દ્વારા ૭ સામાજિક સમરસતા સંમેલન યોજાશે

અમદાવાદ, તા.૧૧

ભાજપના પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું છે કે, પ્રદેશ ભાજપાના અનુસુચિત જાતિ મોરચા દ્વારા આગામી ૧૪ એપ્રિલથી ૨૪ એપ્રિલ દરમિયાનના ગ્રામ ઉદયથી ભારત ઉદયના વિવિધ કાર્યક્રમો અંતર્ગત સમગ્ર રાજયમાં ૭ સામાજીક સમરસતા સંમેલન યોજવામાં આવશે. પંડ્યાએ સામાજીક સમરસતા સંમેલનોની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણીના ભાદરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ડૉ.બાબાસાહેબના જન્મદિવસ તા. ૧૪ એપ્રિલથી ૨૪ એપ્રિલ દરમિયાન વંચિતોના વિકાસની પ્રતિબદ્ધતા સ્વરૂપ ગ્રામ ઉદયથી ભારત ઉદયના વિવિધ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પ્રદેશ ભાજપાના અનુસુચિત મોરચા દ્વારા તા. ૧૫ એપ્રિલે કાંકરિયા ફુટબોલ ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે પ્રથમ સામાજીક સમરસતા સંમેલન યોજાશે. સામાજીક સમરસતા સંમેલનની શ્રૃંખલામાં ૧૬મી તારીખે બારડોલી અને વડોદરા ખાતે, તા. ૧૮મી કચ્છના ગાંધીધામ ખાતે, તા. ૨૦ એપ્રિલે ગાંધીનગર, તા. ૨૧મી એપ્રિલના રોજ રાજકોટ ખાતે અને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં સિંગાપુરની મરીના રિસોર્ટસ પેટર્ન પર ક્રુઝ ટેરેસનો કન્સેપ્ટ

## વિનાયક લાઈફ સ્ટાઈલના ૭ મજલાના પ્રોજેક્ટમાં ૮૪ લકઝુરીયસ એપાર્ટમેન્ટનું નિર્માણ થશે : વિદેશની પેટર્ન મુજબ લીફટ માટે અલાયદો સાઈડ કોર્નર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સ્થિત રાયસણના







પોશ વિસ્તારમાં વિનાયક ગ્રુપ દ્વારા વિનાયક લાઈફ સ્ટાઈલના લકઝુરીયસ પ્રોજેકટનું કામ હાથ ધરાયું છે. સાત મજલાના બિલ્ડીગમાં સુવિધાયુક્ત ૮૪ ફલેટનું નિર્માણ કરવામાં આવશે. કલબ એન્ડ રિસોર્ટ ની થીમને વેગ આપતી આ સ્કિમમાં સિંગાપુરના મરીના રિસોર્ટ મુજબ ક્રુઝ ટેરેસનો કન્સેપ્ટ અપનાવાયો છે. પ્રોજેકટના સંકુલમાં પણ વોટરબોડી અને બ્રીજનું નયનરમ્ય દ્રશ્ય જોવા મળશે જ્યારે વિનાયક લાઈફ સ્ટાઈલને અડીને સ્થિત સ્ટ્રીટ એરીયા પણ જાણે યુરોપના પોશ વિસ્તારમાંથી કોપી પેસ્ટ કરીને મુકી દેવાયો હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

નોલેજ કોરીડોર અને ગીફટસીટી તરીકે ઉભરતા રાયસણ વિસ્તારમાં વિનાયક ગ્રુપ દ્વારા સીંગાપુરની મરીના બે રીસોર્ટની પેટર્ન મુજબ વિનાયક લાઈફ સ્ટાઈલની અદભુત સ્કિમનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. સમગ્ર ગુજરાતમાં લકઝુરીયસ ફલેટની કિંમતની સાપેક્ષમાં ભાગ્યેજ આ પ્રકાર ના અધયત્ન અને સુવિધાયુકત મકાનો જોવા મળતા હોય છે. બાંધકામ અને આવાસ નિર્માણક્ષેત્રે વર્ષ ૨૦૦૩ થી કાર્યરત વિનાયક ગ્રુપ દ્વારા અત્યાર સુધી ગાંધીનગર વિસ્તારમાં ૧૨૦૦ જેટલા મકાનો બનાવાયા છે. વિનાયક ગ્રુપના વિક્રાંતભાઈ પુરોહીતે

### કેમ્પસમાં વોટર બોડી અને બ્રીજ : ગ્લાસ અને વોટર પ્રુફ પ્લાયવુડની કંમ્પાઉન્ડ વોલ, ટેરેસ પર ગુલ્ફ કોર્ટ અને જીમનેશિયમ : સ્ટ્રીટ એરીયા પણ સાઉથ કોરીયાની સ્ટ્રીટ લાઈટ સાથે યુરોપના પોશ વિસ્તારની જેમ વિકસાવાયો છે

આ અંગે માહિતી આપતા જણાવ્યું હતુ કે ગાંધીનગર ટ્વીન સીટીમાં ગ્લોબલ તેમજ આંતર રાષ્ટ્રીય કક્ષાને છાજે તેવી એફોર્ડેબલ અને લકઝુરીયસ ફલેટની એક પણ સ્કીમ ન હતી. ગત્ વર્ષ દરમિયાન તેઓ યુરોપના પ્રવાસે હતા ત્યારે યુકે માં તેમણે ૩ સ્કીમ જોઈ હતી. જયારે ઈટાલીમાં સ્ટોન કલ્ચર જોયુ હતું. શ્રીલંકામાં રિસોર્ટની ડિઝાઈનનો પણ તેમણે અભ્યાસ કર્યો હતો. વિવિધ વિદેશની પેટર્નનો અભ્યાસ કર્યા બાદ તેમણે આ પેટર્ન મુજબના લકઝુરીયસ ફલેટ બનાવાનો વિચાર આવ્યો હતો. વિદેશમાં રહેતા એનઆરઆઈને ભારતમાં ઘણી વખત મકાન ખરીદવાના મામલે પૈસા અને ગુણવતાના મામલે સમાધાન કરવું પડે છે. ત્યારે રાયસણમાં નિર્માણ થતા આ વિનાયક લાઈફ સ્ટાઈલના પ્રોજેકટમાં સ્થાનિક રહીશોને તેમજ એનઆરઆઈને ધ્યાને લઈ ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. પર્યાવરણ અને આશ્રયના અભિગમ સાથે નિર્માણ થતા આ લકઝુરીયસ ફલેટમાં સમગ્ર દેશમાં પ્રથમવાર ક્રુઝ ટેરેસનો કન્સેપ્ટ અપનાવાયો છે. સિંગાપુરના મરીના રિસોર્ટની પેટન મુજબ ગુલ્ફ કોર્ટ, ગાર્ડન અને જીમ્નેસીયમની સુવિધા ઉપ્લબ્ધ કરવામાં આવી છે. આ પ્રોજેકટ હેઠળ ૨,૩, અને ૪ બીએચકેના કુલ - ૮૪ ફલેટ તૈયાર કરવામાં આવશે. સાત મજલાની આ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પવિત્ર શ્રાવણ માસમાં હરિદ્વાર ખાતે ભવ્ય
॥ શિવ મહાપુરાણ કથા ॥
વ્યાસ પીઠ વક્તા : શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ
યાત્રા પ્રારંભ : તા. ૨૦/૮/૧૬ ● પરત : તા. ૩૦/૮/૧૬
ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૫/૪/૧૬, શુક્રવાર રામનવમી છે
ડિપોઝીટ પેટે રૂ. ૧૫૦૦/- આપી ફોર્મ ભરવાનું રહેશે.
સંપર્ક : ૮૧૪૧૨૧૭૦૫૦, ૯૪૨૮૫૯૫૭૪૧, ૯૩૭૪૧૭૭૧૮૪

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭